# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : WEDNESDAY** **National News**

**આકાશવાણી સમાચાર રીટા દવે વાંચે છે.**

*****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું -દેશ આતંકવાદ સામે ઝૂકશે નહીં અને દોષિતોને બક્ષવામાં નહીં આવે.

2) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું-સરકાર પહેલગામ હુમલા માટે જવાબદાર લોકોને યોગ્ય જવાબ આપવામાં કોઈ કસર નહીં છોડે.

3) આતંકવાદી હુમલાને પગલે, ફસાયેલા મુસાફરોને મદદ કરવા આજે રાત્રે કટરાથી નવી દિલ્હી માટે એક વિશેષ ટ્રેન ચલાવાશે.

4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બિહારમાં ૧૩ હજાર ૫૦૦ કરોડ રૂપિયાથી વધુના વિકાસકામોનું ઉદ્ઘાટન કરશે.

5) સરકારે 2024-25 માટે ઉત્પાદનના 100 ટકાના દરે ભાવ સહાય યોજના હેઠળ તુવેર, અડદ અને મસૂરની ખરીદીને મંજૂરી આપી.

6) IPLમાં, સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મૅચમાં ટૉસ જીતીને મુંબઈ ઇન્ડિયન્સે બૉલિંગ પસંદ કરી.

.....................................................................

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## Jammu-Kashmir-Home-Minister-Update

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં દરેક ભારતીય પોતાના પ્રિયજનોને ગુમાવવાનું દુઃખ અનુભવે છે. તેમણે બધા પરિવારો અને સમગ્ર રાષ્ટ્રને ખાતરી આપી કે નિર્દોષ લોકોની હત્યા કરનારા આતંકવાદીઓને બક્ષવામાં નહીં આવે. તેમણે શ્રીનગરના પોલીસ કંટ્રોલ રૂમમાં મૃતકોના પાર્થિવ દેહને પુષ્પાંજલિ અર્પણ કરી. શ્રી શાહે કહ્યું કે દેશ આતંક સામે ઝૂકશે નહીં.

ગૃહમંત્રીએ પહેલગામના બૈસરન વન વિસ્તારમાં ઘટનાસ્થળે પરિસ્થિતિનો તાગ મેળવ્યો. તેમણે અનંતનાગની સરકારી કોલેજ હોસ્પિટલમાં ઇજાગ્રસ્તોને પણ મળ્યા અને તેમના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી.

મૃતકોના મૃતદેહોને ખાસ વિમાન દ્વારા શ્રીનગરથી તેમના વતન લઈ જવામાં આવ્યા હતા. પોલીસ અને ગુપ્તચર એજન્સીઓએ ત્રણેય હુમલાખોરોના સ્કેચ જાહેર કર્યા છે. રાષ્ટ્રીય તપાસ એજન્સીની વિશેષ ટીમે આતંકવાદી હુમલાની તપાસ શરૂ કરી છે.

આજે જમ્મુ અને કાશ્મીરના તમામ સરકારી કાર્યાલયોમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું. લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિંહા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તી, પીપલ્સ કોન્ફરન્સના અધ્યક્ષ સજ્જાદ ગની લોન અને વિવિધ પક્ષોના નેતાઓએ આ ધૃણાસ્પદ હુમલાની ટીકા કરી છે.

પ્રવાસીઓની હત્યાના વિરોધમાં આજે કાશ્મીર ખીણ સંપૂર્ણપણે બંધ રહ્યું. મોટાભાગની દુકાનો, મુખ્ય બજારો અને સ્થાનિક ઔદ્યોગિક અને ઉત્પાદન એકમો પણ બંધ રહ્યા. રસ્તાઓ પર જાહેર પરિવહન પણ બંધ રહ્યું. કાશ્મીર યુનિવર્સિટી અને ક્લસ્ટર યુનિવર્સિટીની આજે યોજાનારી પરીક્ષાઓ મુલતવી રાખવામાં આવી છે.

# Rajnath singh

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે કહ્યું કે પહેલગામ હુમલાના ગુનેગારોને ટૂંક સમયમાં જ યોગ્ય જવાબ આપવામાં આવશે. આતંકવાદ સામે ભારતની શૂન્ય સહિષ્ણુતાની નીતિનો પુનરોચ્ચાર કર્યો. તેમણે કહ્યું કે સરકાર પહેલગામ હુમલા માટે જવાબદાર લોકોને યોગ્ય જવાબ આપવામાં કોઈ કસર છોડશે નહીં.

**(BYTE : RAJNATH SINGH)**

આજે નવી દિલ્હીમાં ભારતીય વાયુસેનાના માર્શલ અર્જન સિંહની સ્મૃતિમાં આયોજિત એક વ્યાખ્યાનને સંબોધતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે આ હુમલાનો જવાબ આપવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરતા, શ્રી સિંહે શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી.

સંરક્ષણ મંત્રીએ ભાર મૂક્યો કે ભારત એટલી પ્રાચીન સભ્યતા અને એટલો વિશાળ દેશ છે કે તેને કોઈપણ પ્રકારની આતંકવાદી પ્રવૃત્તિઓથી ડરાવી શકાય નહીં. આવનારા સમયમાં, જવાબદારો સામે કડક કાર્યવાહીનો જવાબ આપવામાં આવશે. વાયુસેનાના માર્શલ અર્જન સિંહને યાદ કરતા સંરક્ષણ મંત્રીએ કહ્યું કે તેઓ માત્ર તેમના સમયના એક દૂરંદેશી લશ્કરી નેતા જ નહોતા પરંતુ તેમનું વિઝન આજે પણ એટલું જ સુસંગત છે.

ભારતીય વાયુસેનાની પ્રશંસા કરતા શ્રી સિંહે કહ્યું કે આજના ટેકનોલોજીકલ ક્રાંતિના યુગમાં, ભારતીય વાયુસેના માત્ર અત્યાધુનિક ટેકનોલોજી જ અપનાવી રહી નથી, પરંતુ આગામી પેઢીના ફાઇટર એરક્રાફ્ટના વિકાસ પર પણ સક્રિયપણે કામ કરી રહી છે. શ્રી સિંહે કહ્યું કે, પ્રધાનમંત્રીના નેતૃત્વ હેઠળની સરકાર સુનિશ્ચિત કરી રહી છે કે ભારતીય વાયુસેનાની આજે અને ભવિષ્યમાં બધી જરૂરિયાતો પૂર્ણ થાય.

# Jammu and Kashmir- Ex-gratia

જમ્મુ-કાશ્મીર સરકારે પહેલગામ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને 10 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ગંભીર રીતે ઇજાગ્રસ્ત લોકો માટે 2 લાખ રૂપિયા અને સામાન્ય ઇજાગ્રસ્ત લોકો માટે 1 લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

મુખ્યમંત્રીએ કહ્યું છે કે પીડિતોને તેમના વતન પહોંચાડવા માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે.

**(BYTE : OMAR ABDULLA)**

# jammu-kashmir-special-rail-flight

જમ્મુ-કાશ્મીરમાં પહેલગામ આતંકવાદી હુમલાને પગલે, ભારતીય રેલ્વે ફસાયેલા મુસાફરોને મદદ કરવા અને વધારાના મુસાફરોને સમાવવા માટે આજે રાત્રે કટરાથી નવી દિલ્હી માટે એક ખાસ ટ્રેન ચલાવશે. આ ટ્રેન શ્રી માતા વૈષ્ણોદેવી કટરા સ્ટેશનથી રાત્રે ૯ વાગ્યેને ૨૦ મિનિટે ઉપડશે. રેલવેએ મુસાફરોની સુવિધા માટે હેલ્પલાઇન નંબરો પણ જાહેર કર્યા છે. જમ્મુ તાવી સ્ટેશન માટે 0 1 9 1 - 2 7 4 7 0 1 1 6 છે, શ્રી માતા વૈષ્ણો દેવી કટરા સ્ટેશન માટે 0 1 9 9 1 - 2 3 4 8 7 6 છે અને ઉધમપુર સ્ટેશન માટે 7 7 1 7 3 0 6 1 6 છે.

હુમલાને ધ્યાનમાં રાખીને, આજે શ્રીનગરથી દિલ્હી અને મુંબઈ માટે ચાર ખાસ ફ્લાઇટ્સ ચલાવવામાં આવી છે. જો જરૂર પડે તો વધારાની ફ્લાઇટ્સ પણ તૈયાર છે. ગૃહમંત્રી અમિત શાહ સાથે પરિસ્થિતિ અંગે ચર્ચા કર્યા પછી, નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુ ચોવીસ કલાક ઘટનાક્રમ પર નજર રાખી રહ્યા છે.

દરમિયાન, જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૪૪ હજુ પણ વાહનોની અવરજવર માટે બંધ છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

# World leaders- condemnation

પહેલગામ આતંકવાદી હુમલા પર વિશ્વના વિવિધ દેશોનાં નેતાઓએ શોક વ્યક્ત કર્યો છે. વિશ્વ નેતાઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સંપર્ક કર્યો છે અને ભારત પ્રત્યે એકતા અને સમર્થન વ્યક્ત કર્યું છે.

ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝે પ્રધાનમંત્રી મોદી સાથે ટેલિફોનિક વાતચીતમાં જમ્મુ અને કાશ્મીરમાં થયેલા આતંકવાદી હુમલાની કડક ટીકા કરી છે. વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રીએ નિર્દોષ લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો છે. શ્રી અલ્બેનીઝે આતંકવાદ સામેની લડાઈમાં ભારતને ઓસ્ટ્રેલિયાના સંપૂર્ણ સમર્થનનું વચન પણ આપ્યું.

મોરેશિયસના પ્રધાનમંત્રી ડૉ. નવીન રામગુલામે નિર્દોષ લોકોની ક્રૂર હત્યા પર ઊંડી સંવેદના વ્યક્ત કરી. તેમણે કહ્યું કે આતંકવાદ સામેની લડાઈમાં બંને દેશો એક છે.

નેપાળના પ્રધાનમંત્રી કેપી શર્મા ઓલીએ શ્રી મોદીને ફોન પર આતંકવાદી હુમલાની કડક ટીકા કરી અને નિર્દોષ લોકોના મોત પર શોક વ્યક્ત કર્યો. બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટારમર, જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝ, ડેનિશ પ્રધાનમંત્રી મેટ્ટે ફ્રેડરિકસેન, ગયાના પ્રમુખ ઇરફાન અલી, બાંગ્લાદેશ સરકારના મુખ્ય સલાહકાર મુહમ્મદ યુનુસ, યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને પણ પહેલગામ આતંકી હુમલાની ટીકા કરી છે.

# Navy-Lieutenant Narwal

ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠીએ ગઈકાલે પહેલગામ આતંકવાદી હુમલામાં શહીદ થયેલા લેફ્ટનન્ટ વિનય નરવાલને અંતિમ શ્રદ્ધાંજલિ આપી. શ્રી ત્રિપાઠીએ દિલ્હીના ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાનમથક પર લેફ્ટનન્ટ નરવાલના પાર્થિવ દેહને પુષ્પાંજલિ અર્પણ કરી. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ પણ શ્રદ્ધાંજલિ આપી.

# CCS MEET EARLY

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અંગે પ્રધાનમંત્રી નિવાસસ્થાને સુરક્ષા અંગેની કેબિનેટ સમિતિની બેઠક ચાલી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આ બેઠકમાં ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ સહિત અન્ય લોકો હાજરી આપી રહ્યા છે. દરમિયાન, વિદેશ મંત્રાલય આ અંગે પત્રકાર પરિષદ કરી શકે છે.

# Kulgam-Encounter

જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લાના તંગમાર્ગ વિસ્તારમાં આતંકવાદીઓ અને સુરક્ષા દળો વચ્ચે એન્કાઉન્ટર શરૂ થયું છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ શોધખોળ અને ઘેરાબંધી અભિયાન શરૂ કર્યું હતું.

આ કાર્યવાહી દરમિયાન, છુપાયેલા આતંકવાદીઓએ તપાસ ટુકડી પર ગોળીબાર કર્યો, જેના પગલે એન્કાઉન્ટર શરૂ થયું.

વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

# Pm-bihar

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બિહારની મુલાકાતે જશે. શ્રી મોદી રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસ નિમિત્તે મધુબનીથી દેશવ્યાપી ગ્રામસભાઓને સંબોધિત કરશે. પ્રધાનમંત્રીનો મુખ્ય કાર્યક્રમ ઝાંઝરપુરના બિદેશ્વર સ્થાન ખાતે યોજાશે, જ્યાં તેઓ ૧૩ હજાર ૫૦૦ કરોડ રૂપિયાથી વધુના માળખાગત વિકાસકામોનું ઉદ્ઘાટન કરશે. પ્રધાનમંત્રી આ પ્રસંગે રાષ્ટ્રીય પંચાયત પુરસ્કારો ૨૦૨૫ પ્રદાન કરશે.

પ્રધાનમંત્રી મધુબનીથી અત્યાધુનિક જયનગર-પટણા નમો ભારત રેપિડ એક્સપ્રેસ અને સહરસા એલટીટી મુંબઈ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન સહિત ચાર નવી ટ્રેનોને લીલી ઝંડી ફરકાવીને શરૂ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી છ મંત્રાલયો સાથે સંબંધિત અનેક મુખ્ય માળખાગત સુવિધાઓ અને કલ્યાણકારી પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે અને શિલાન્યાસ કરશે. મુખ્યમંત્રી નીતિશ કુમાર સહિત અન્ય મહાનુભાવો આ કાર્યક્રમમાં હાજરી આપશે.

# TUR PROCUREMENT

સરકારે ખરીદી વર્ષ 2024-25 માટે રાજ્યના ઉત્પાદનના 100 ટકાના દરે ભાવ સહાય યોજના હેઠળ તુવેર, અડદ અને મસૂરની ખરીદીને મંજૂરી આપી છે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, કઠોળના સ્થાનિક ઉત્પાદનમાં વધારો કરવા અને આયાત પર નિર્ભરતા ઘટાડવામાં ફાળો આપતા ખેડૂતોને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ખરીફ 2024-25 સીઝન દરમિયાન ભાવ સહાય યોજના હેઠળ આંધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, કર્ણાટક, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા અને ઉત્તર પ્રદેશમાં કુલ 13.22 લાખ મેટ્રિક ટન તુવેર ખરીદવાની મંજૂરી આપી. આંધ્રપ્રદેશ, ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર અને તેલંગાણામાં NAFED અને NCCF દ્વારા લઘુતમ ટેકાના ભાવે ખરીદી ચાલુ છે અને આ મહિનાની 22 તારીખ સુધીમાં આ રાજ્યોમાં કુલ 3.92 લાખ મેટ્રિક ટન તુવેરની ખરીદી કરવામાં આવી છે.

# International Monetary Fund

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા મોટા ભાગના વેપાર ભાગીદારો પર ભારે ટેરિફ લાદવાથી શરૂ થયેલા વેપાર યુદ્ધના જવાબમાં આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) એ તમામ ક્ષેત્રોમાં તેના વિકાસ દરના અંદાજમાં ઘટાડો કર્યો છે. તેના તાજેતરના વિશ્વ આર્થિક પરિદ્રશ્યમાં, IMF એ ચેતવણી આપી હતી કે અમેરિકા મંદીના વધતા જોખમનો સામનો કરી રહ્યું છે કારણ કે તેણે ચીન, ભારત, બ્રાઝિલ અને દક્ષિણ આફ્રિકા સહિત અન્ય મુખ્ય અર્થતંત્રોની સાથે સાથે તમામ G7 દેશો માટે પોતાની સંભાવનાઓને ઘટાડી દીધી છે.

IMFનો અંદાજ છે કે ૨૦૨૫માં વિશ્વ ઉત્પાદન તેના જાન્યુઆરીના અનુમાન કરતા ૨.૮ ટકા ઓછું વધશે. ૨૦૨૬ માં તે ૩.૦ ટકા રહેવાની ધારણા છે, જે જાન્યુઆરીના અનુમાન કરતા ૦.૧ ટકા ઓછું છે. IMFનો અંદાજ છે કે ટેરિફના કારણે ૨૦૨૫માં વૈશ્વિક કિંમતોમાં ૪.૩ ટકા અને ૨૦૨૬માં ૩.૬ ટકાનો વધારો થશે.

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L. ટી-20 ક્રિકેટમાં, આજે સનરાઈઝર્સ હૈદરાબાદ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. હૈદરાબાદના રાજીવ ગાંધી આંતર-રાષ્ટ્રીય સ્ટેડિયમમાં રમાતી મેચમાં મુંબઈની ટીમે ટૉસ જીતીને બૉલિંગ પસંદ કરી છે. હૈદરાબાદની ટીમ પેટ કમિન્સ અને મુંબઈની ટીમ હાર્દિક પંડ્યાના સુકાનીપદ હેઠળ રમી રહી છે.